સીસીટીવી ફૂટેજમાં છેડતી સાબિત થઈ | સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રોફેસર પર 'સર્જિકલ સ્ટ્રાઈક' જેવો નિર્ણય

સરદાર પટેલ યુનિવર્સિટીમાં છેડતી મામલે પ્રોફેસરને 'ફરજિયાત નિવૃત્તિ'

વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરીમાં પણ પ્રોફેસર ડો. મનિષ સોલંકીની હરકતો ચાલુ હતી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

વલ્લભ વિદ્યાનગરમાં વિદ્યાધામ તરીકે ઓળખાતી સરદાર પટેલ યુનિવર્સિટીમાં શૈક્ષણિક ગરિમાને લજવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અનુસ્નાતક અંગ્રેજી વિભાગના પ્રોફેસર ડો. મનિષ સોલંકી દ્વારા મહિલા પ્રોફેસરની લાંબા સમયથી કરવામાં આવતી સતામણી અને છેડતીના મામલે યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઐતિહાસિક અને અત્યંત કડક વલણ અપનાવ્યું છે. ૨૮મી જુલાઈ ૨૦૨૬ના રોજ કુલપતિ ડો. નિરંજનકુમાર પી. પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ડો. મનિષ સોલંકીને તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્તિની સજા ફટકારવામાં આવી છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના મહિલા પ્રોફેસર દ્વારા કરવામાં આવેલી ગંભીર ફરિયાદના આધારે આંતરિક ફરિયાદ સમિતિએ તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં જે તારણો બહાર આવ્યા તે સ્તબ્ધ કરી દેનારા છે. આ સમિતિના અહેવાલ મુજબ, ડો. મનિષ સોલંકી દ્વારા મહિલા પ્રોફેસરની સતામણી માત્ર એકલ-દોકલ ઘટના નહોતી, પરંતુ તેઓ જાહેરમાં અને વારંવાર અયોગ્ય હરકતો કરતા હતા. સૌથી મોટો પુરાવો સીસીટીવી ફૂટેજમાં મળી આવ્યો હતો, જેમાં પ્રોફેસર દ્વારા કરવામાં આવેલ અયોગ્ય શારીરિક સ્પર્શ રેકોર્ડ પર સાબિત થયો છે.

આ તપાસમાં નોંધવામાં આવ્યું છે કે ડો. મનિષ સોલંકી દ્વારા કરવામાં આવતા આ કૃત્યો ચાલુ વર્ગખંડમાં અને વિદ્યાર્થીઓની હાજરીમાં પણ થતા હતા, જેની વિદ્યાર્થીઓના માનસ પર અસર પડી હતી. ડો. મનિષ સોલંકી પાસે તેમના બચાવમાં કોઈ મજબૂત પુરાવા ન હોવાથી યુનિવર્સિટીએ આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી હતી.

શા માટે લેવાયો આટલો કઠોર નિર્ણય?

એક્ઝિક્યુટિવ કાઉન્સિલના મતે જો આવા ગંભીર કૃત્યને હળવાશથી લેવામાં આવે તો યુનિવર્સિટીમાં મહિલાઓની સુરક્ષા પર ખતરો ઉભો થાય અને ભવિષ્યમાં આવી ઘટનાઓને પ્રોત્સાહન મળે. યુનિવર્સિટી કેમ્પસમાં મહિલાઓની સુરક્ષા માટે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ સ્પષ્ટ કરવા આ કડક સજા અનિવાર્ય હતી.

અન્ય મહત્વના વહીવટી નિર્ણયો

આ જ બેઠકમાં યુનિવર્સિટીના અન્ય શૈક્ષણિક કાર્યો પર પણ મંજૂરીની મહોર મારવામાં આવી હતી. જેમાં અર્થશાસ્ત્ર, કોમ્પ્યુટર સાયન્સ, શારીરિક શિક્ષણ અને નર્સિંગ વિદ્યાશાખામાં નવા અધ્યાપકોની નિમણૂંકને માન્યતા અપાઈ હતી. આ ઉપરાંત, વય મર્યાદા પૂરી કરનાર સિનિયર પ્રોફેસરોની નિવૃત્તિ અંગેની પણ સત્તાવાર નોંધ લેવામાં આવી હતી. આ સમગ્ર મામલે બોર્ડ ઓફ મેનેજમેન્ટની પણ મંજૂરી મળી જતા, ડો. મનિષ સોલંકી સામેની શિસ્તભંગની આ કાર્યવાહી શૈક્ષણિક જગતમાં ચર્ચાનો વિષય બની છે.

મહુધાના સાપલામાં બાળકી ચાંદીપુરાની ઝપેટમાં આવી

આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે ડોર-ટુ-ડોર સર્વેલન્સ અને સઘન કામગીરી શરૂ કરાઇ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

મહુધા તાલુકાના સાપલા ગામમાં જીવલેણ ચાંદીપુરા વાયરસનો પ્રથમ કેસ સામે આવતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે. ગામની એક 9 વર્ષની માસૂમ બાળકી આ ખતરનાક વાયરસનો શિકાર બનતા તેને તાત્કાલિક અસરથી ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. જ્યાં હાલમાં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ તેની સઘન સારવાર ચાલી રહી છે.

મહુધા તાલુકામાં અત્યાર સુધી ચાંદીપુરાનો એક પણ કેસ નહોતો, પરંતુ સાપલામાં પોઝિટિવ કેસ આવતા જ જિલ્લા રોગચાળા અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસર સહિતની ટીમ દોડતી થઈ છે. આરોગ્ય વિભાગની ટીમોએ સાપલા ગામમાં ધામા નાખીને અસરગ્રસ્ત વિસ્તારનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું છે. સ્થાનિક આરોગ્ય કર્મીઓને ફિલ્ડમાં ઉતારીને રોગચાળાને ડામવા માટે કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે.

ખેડા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ગામમાં ડોર-ટુ-ડોર સર્વે શરૂ કરવામાં આવ્યો છે, જેમાં કર્મચારીઓ ઘરે-ઘરે ફરીને લોકોના સ્વાસ્થ્યની તપાસ કરી રહ્યા છે. ખાસ કરીને ગામમાં તાવના કોઈ નવા દર્દીઓ છે કે કેમ તેની ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે અને શંકાસ્પદ દર્દીઓને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ખંભોળજ પાસે કારની ટક્કરે પત્ની સામે પતિનું કરુણ મોત

સગાઈ પ્રસંગમાંથી પરત ફરતા દંપતીને કાળ ભેટ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આંકલાવ તાલુકાના કહાનવાડી ભાઠા વિસ્તારમાં રહેતું દંપતી સગાઈના પ્રસંગમાંથી પરત ફરી રહ્યું હતું, ત્યારે ખાનપુર રોડ પર કેનાલના નાળા પાસે કાળમુખી કારે તેમની બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પતિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આંકલાવના કહાનવાડી ભાઠા વિસ્તારના રહીશ લલીતાબેન પઢીયાર અને તેમના પતિ રંગીતભાઈ મગનભાઈ પઢીયાર ગત ૨૬મી જુલાઈના રોજ ભરોડા ગામે સગાઈના પ્રસંગમાં ગયા હતા. સાંજે તેઓ બાઈક પર પરત ઘરે આવવા નીકળ્યા હતા. તેઓ શીલી કેનાલ પરથી ખાનપુર રોડના નાળા પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ખાનપુર ગામ તરફથી પૂરઝડપે આવતી સફેદ રંગની ફોરવ્હીલર કાર (GJ-23 AN-3293) ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દંપતી રોડ પર પટકાયું હતું, જેમાં લલીતાબેન અને રંગીતભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતમાં ઘાયલ દંપતીને તાત્કાલિક ૧૦૮ મારફતે આણંદની અપરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ રંગીતભાઈ પઢીયારને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે ખંભોળજ પોલીસ સ્ટેશનમાં અકસ્માત સર્જનાર કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભાજપની 'નેતા ફોજ' સામે કોંગ્રેસનો 'કામ'નો દાવો, કોણ મારશે બાજી?

આણંદ જિલ્લા પંચાયતની પાળજ બેઠકની પેટાચૂંટણીમાં 59% મતદાન

પેટા ચૂંટણીનું 30મી જુલાઈએ મતગણતરી સાથે પાળજનું ચિત્ર સ્પષ્ટ થશે

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૮

આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠક ઉપર મંગળવારે પેટા ચુંટણીનું મતદાન થયું હતું. આ બેઠક જાળવી રાખવા ભાજપે એડીચોટીનું જોર લગાવી દીધું હતું. જ્યારે બેઠક આંચકી લેવા કોંગ્રેસે પણ સોગઠાં ગોઠવી રાખ્યા હતા. અંતે આજે 59 ટકા જેટલું મતદાન થયું હતું. જો કે બપોરે એક કલાક બાદ મતદાન નિરસ રહ્યું હતું. આજના મતદાન માટે ભાજપની સક્રીયતા અને કોંગ્રેસની ઉદાસીનતા ચર્ચાસ્પદ બની હતી.

આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠક ઉપર પુરૂષ 13026 અને મહિલા 12001 મળી કુલ 25027 મતદારો છે. આ બેઠકમાં પેટલાદ તાલુકા પંચાયતની 4 બેઠકો સહિત 9 ગામોનો સમાવેશ થાય છે. જેમાંથી પેટલાદ વિધાનસભા મત વિસ્તારમાં માત્ર પાળજ ગામ આવે છે. જ્યારે અન્ય 8 ગામો નાર, આમોદ, સિલવઈ, જેસરવા, સુંદરા, માનપુરા, રામોદડી અને સાંસેજ સોજીત્રા વિધાનસભા મત વિસ્તારના ગામો છે. આ બેઠકમાં સમાવિષ્ટ 9 ગામોમાં કુલ 29 બૂથ હતા. આજરોજ સવારે 7 કલાકે મતદાન શરૂ થતાં બે કલાક દરમ્યાન માત્ર 8 ટકા મતદાન થયું હતું. પરંતુ સવારે 9 થી બપોરે 1 કલાક દરમ્યાન આ મતદાન 31 ટકાએ પહોંચી ગયું હતું. વરસાદની આગાહીઓ વચ્ચે છ કલાકમાં 31 ટકા મતદાનથી ભાજપ અને કોંગ્રેસ છાવણીના નેતાઓ ચિંતીત હતા. પરંતુ વરસાદના વિરામને કારણે સાંજે છ કલાક સુધીમાં સંતોષકારક 59 ટકા જેટલું મતદાન થયું હતું. આ ચુંટણીની મત ગણતરી 30મી જુલાઈના રોજ હાથ ધરવામાં આવનાર છે.

ભાદરણના ત્રિમંદિર સંકુલમાં ૧.૪૨ લાખની મતા ચોરાઈ

નિર્માણ સાઇટની ઓફિસના ટેબલના ખાના તોડી ૧.૪૦ લાખ રોકડા અને એરકૂલર લઈ તસ્કરો ફરાર

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૮

બોરસદ તાલુકાના ભાદરણ સ્થિત પ્રસિદ્ધ દાદા ભગવાન ત્રિમંદિર સંકુલમાં તસ્કરોએ ત્રાટકીને કુલ રૂ. ૧,૪૨,૫૦૦ ની મત્તાની ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે.

ભાદરણ સ્થિત દાદા ભગવાન ત્રિમંદિર સંકુલમાં હાલ નવા સત્સંગ હોલ અને ડોરમેટ્રી બિલ્ડિંગનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. ગત ૨૮મી જુલાઇ, ૨૦૨૬ની સવારે ૭ વાગ્યે મંદિરમાં સેવાપૂજા કરતા કનુભાઈ પટેલે જોયું કે સીમંધર સ્વામીની મૂર્તિ પર પાઘડી લટકતી હતી અને બારીના સળિયા કાપેલા હતા. જોકે, મુખ્ય મંદિરમાંથી કોઈ પણ વસ્તુની ચોરી થઈ નહોતી.

આ નિર્માણ કાર્યના પ્રોજેક્ટ મેનેજર ધ્રુવલભાઈ રાઠોડે સાઈટ ઓફિસમાં તપાસ કરતા માલુમ પડ્યું કે એલ્યુમિનિયમ સેક્શનનો દરવાજો ખુલ્લો હતો અને સામાન વેરવિખેર હતો. તસ્કરોએ ઓફિસના ટેબલના ખાના તોડીને તેમાં મજૂરો અને બિલોની ચૂકવણી માટે રાખેલા રૂ. ૧.૪૦ લાખ રોકડા તથા એક વાદળી-સફેદ રંગનું એરકૂલર ચોરી લીધું હતું. આ સમગ્ર મામલે સિવિલ એન્જિનિયર ધ્રુવલ કિશોરભાઈ રાઠોડે ભાદરણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

લગ્નના અઢી મહિનામાં જ દહેજની માંગણી કરાતી હોવાનો આક્ષેપ

ખેડા સિવિલની નર્સે પોલીસ પતિના ત્રાસથી જીવ ટૂંકાવ્યો

પોલીસ કોન્સ્ટેબલ પતિ ચારિત્ર્ય પર શંકા કરી માનસિક ત્રાસ આપતો હોવાની માતાની ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

ખેડા સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતી સ્ટાફ નર્સે પોતાના પોલીસ કર્મચારી પતિ અને સાસુના અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને લગ્નના માત્ર ૨.૫ મહિનામાં જ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ અંગે ખેડા ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે.

બોરસદ પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ગૌરાંગ પરમાર સાથે ગત ૭મી મે ૨૦૨૬ના રોજ ધર્મિષ્ઠાના લગ્ન થયા હતા. આ લગ્નના ટૂંકા ગાળામાં જ પતિ અને સાસુ સવિતા દ્વારા ગોલ્ડ લોન અને એસઆઈપીના નામે આર્થિક દબાણ કરી મેણાં-ટોણાં મારવામાં આવતા હતા. રક્ષક ગણાતો પોલીસ પતિ પત્નીના ચરિત્ર પર શંકા કરી મોબાઈલના સ્ક્રીનશોટ માંગી સતત માનસિક સંતાપ આપતો હતો. આ રોજબરોજના કંકાસથી હારી જઈ ધર્મિષ્ઠાએ ૧૮મી જુલાઈના રોજ ખેડામાં પોતાના ભાડાના મકાનમાં ઝેરી દવા પી લીધી હતી, જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ખેડા ટાઉન પોલીસે મૃતકની માતાની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ઓડિયો મેસેજ રેકોર્ડ કરી વ્યથા ઠાલવી

ખેડા સીવીલ હોસ્પિટલના નર્સ ધર્મિષ્ઠાબહેને અંતિમ પગલું ભરતા પહેલા પોતાના મોબાઈલમાં એક વોઈસ મેસેજ રેકોર્ડ કર્યો હતો. આ ઓડિયો ક્લિપમાં તેણે પતિ અને સાસુ દ્વારા દહેજ તેમજ આર્થિક બાબતોને લઈને આપવામાં આવતા ત્રાસની હકીકત જણાવી હતી. આપઘાત પહેલાં આ મેસેજ તેણે પોતાની બહેન અને પિયરના સભ્યોને મોકલી આપ્યો હતો, જે હાલ પોલીસ તપાસમાં સૌથી મહત્વનો પુરાવો ગણાઈ રહ્યો છે.

વીરપુર નજીક સમળી ગેંગે મહિલાનું મંગળસૂત્ર તફડાવ્યું

કાળી બાઇક પર મોઢે રૂમાલ બાંધી આવેલા બે શખ્સોએ દંપતીને નિશાન બનાવ્યું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૮

મહિસાગરના વીરપુર તાલુકામાં સાંજના સમયે ચીલઝડપની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે, જેમાં મોઢે રૂમાલ બાંધીને આવેલા બે અજાણ્યા મોટરસાઈકલ સવારો દંપતીની પાછળથી આવી રૂ. 80 હજારની કિંમતનું મંગળસૂત્ર આંચકીને અંધારામાં ગાયબ થઈ ગયા હતા.

અમદાવાદના સાબરમતી ચાંદખેડા વિસ્તારમાં રહેતા અને પોસ્ટમાં એજન્ટ તરીકે નોકરી કરતા મૂળ લીમરવાડાના વતની રાકેશકુમાર પરમાર ગત 16મી મે, 2026 ના રોજ સાંજે પોતાની પત્ની શિલ્પાબેન સાથે એક્ટિવા પર લીમરવાડાથી છરવંગી ગામે સંબંધીના ઘરે જવા નીકળ્યા હતા. સાંજના આશરે સાડા સાતેક વાગ્યાના સુમારે તેઓ કુંભારવાડી ગામ પસાર કરી ગંધારી ગામ તરફ જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી કાળા રંગની મોટરસાઈકલ પર આવેલા બે શખ્સોએ ચાલુ એક્ટિવા પર શિલ્પાબેનના ગળામાંથી 2 તોલાનું સોનાનું મંગળસૂત્ર આંચકી લીધું હતું. પત્નીએ બૂમ પાડતાં રાકેશકુમારે તસ્કરોનો પીછો કર્યો હતો, પરંતુ કાળા શર્ટ પહેરેલા બાઇક સવારો અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.

આ સમગ્ર ઘટના અંગે વિરપુર પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડૂતોને પાક સંરક્ષણ અને પશુધનની સુરક્ષા માટે સતર્ક રહેવા સલાહ

આણંદ જિલ્લામાં ૪૮ કલાકમાં ભારે વરસાદ થવાની આગાહી

ચરોતરમાં રજી ઓગસ્ટ સુધી મેઘરાજાની તોફાની ઇનિંગ યથાવત રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદ જિલ્લામાં ચોમાસાનો માહોલ વધુ ઘેરો બન્યો છે. ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ નવીનતમ બુલેટિન મુજબ, આગામી પાંચ દિવસ દરમિયાન જિલ્લામાં મુખ્યત્વે વાદળછાયું અને ભેજવાળું હવામાન રહેશે. ખાસ કરીને ૩૧ જુલાઈથી રજી ઓગસ્ટ દરમિયાન છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડવાની સંભાવના છે.

હવામાન વિભાગના આંકડા મુજબ પહેલી ઓગસ્ટના રોજ ૧૨૦ મિમી અને ૨ ઓગસ્ટના રોજ ૧૧૫ મિમી જેટલો ભારે વરસાદ વરસી શકે છે. આ વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ઉભા પાકોમાં આગામી પાંચ દિવસ દરમિયાન કોઈપણ પ્રકારની રસાયણિક દવા કે ખાતરનો છંટકાવ ટાળવાની સલાહ આપવામાં આવી છે. જો છંટકાવ કરવો અનિવાર્ય હોય, તો વરસાદ ન હોય ત્યારે સ્ટીકર (ગુંદરિયું) ભેળવીને જ છંટકાવ કરવો. આ ઉપરાંત, કપાસ, ડાંગર અને બાજરી જેવા પાકોમાં વરસાદના વધારાના પાણીના નિકાલ માટે વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. ચરોતરમાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાન ૩૧થી ૩૩ ડિગ્રી સે., લઘુત્તમ તાપમાન ૨૬થી ૨૭ ડિગ્રી સે., ભેજનું પ્રમાણ ૫૫થી ૯૫ ટકા અને પવનની દિશા મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ રહેશે.

બાગાયતી પાકોને ટેકો આપવા સૂચના

વરસાદની સાથે પવનની ગતિ ૧૧થી ૨૦ કિમી રહેવાની શક્યતા હોવાથી, વધુ ઝડપી પવનથી રક્ષણ મેળવવા ઉભા બાગાયતી અને શાકભાજી પાકોને લાકડાં કે વાંસનો યાંત્રિક ટેકો આપવો. કેળના પાકને પવનથી બચાવવા માટે ફરતે શેવરી જેવી પવન અવરોધક વાડ કરવી જરૂરી છે. વીજળીના કડાકા-ભડાકા અને ભારે વરસાદ દરમિયાન પશુઓને શેડમાં સુરક્ષિત જગ્યાએ રાખવા જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે પોલીસ પણ તંત્ર એલર્ટ

કોઠંબાના પૂરગ્રસ્ત વિસ્તારોની જિલ્લા પોલીસ વડાએ રૂબરૂ મુલાકાત લીધી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.27

મહીસાગર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા સાર્વત્રિક અને ભારે વરસાદને પગલે સર્જાયેલી પૂર જેવી સ્થિતિમાં જિલ્લા પોલીસ તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગયું છે. નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસને પોતે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ મોરચો સંભાળ્યો છે.

મહીસાગર જિલ્લા પોલીસ વડા સફીન હસને કોઠંબા વિસ્તારના પાણી ભરાયેલા વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રના અધિકારીઓ સાથે ચર્ચા કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને તમામ જરૂરી તકેદારીના પગલાં ભરવા માટે કડક સૂચનાઓ આપી હતી.

આ વરસાદી પાણીમાં ફસાયેલા વાહનો અને મુશ્કેલીમાં મુકાયેલા નાગરિકોને સુરક્ષિત બહાર કાઢવા માટે પોલીસ જવાનોએ સ્થળ પર હાજર રહી મદદ પૂરી પાડી હતી. એસ.પી.ના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી આ આયોજનબદ્ધ કામગીરીને કોઠંબાના ગ્રામજનોએ બિરદાવી હતી અને પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225